**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૩ ટકા

# શહેરની હોટલો અને ઘરોમાંથી ડુંગળી ગાયબ



ગાંધીનગર, તા.૨૯

ગરીબોની કસ્તુરી એવી ડુંગળી જેનો ભાવ સાંભળીને શહેરીજનો ડુંગળી તરફ નજર નથી માંડી રહ્યા. શહેરમાં લીલા શાકભાજીનો ભાવ મિડિયમ સ્તરે પહોંચ્યો છે પરંતુ ડુંગળીનો ભાવ ૧૦૦ રૂપિયે કિલોની છે. વધેલા ભાવને લીધે ગૃહિણીઓ સાથે શહેરના રેસ્ટોરન્ટ ધારકો પણ મુશ્કેલીમાં મુકાયા છે.

ડુંગળીમાં સતત ભાવવધારો એ શહેરમાં ચિંતાનું કારણ બન્યું છે. શિયાળાની ઋતુમાં લસણ અને ડુંગળી ખાવા ફાયદાકારક મનાય છે ત્યારે લસણ તો માર્કેટમાં બહુ ઓછું દેખાઈ રહ્યું છે અને ડુંગળીના ભાવે માઝા મુકી છે. પહેલા લગભગ ૩૦ રૂપિયે કિલો વેચાતી ડુંગળીનો ભાવ હાલના દિવસોમાં ૧૦૦ રૂપિયા જણાય છે. જેમાંય નાની ડુંગળી ૭૦ થી ૮૦ રૂપિયે કિલો અને મોટી ૧૦૦ રૂપિયે કિલો એમ શહેરમાં ડુંગળીનું વેચાણ થઈ રહ્યું છે.

શાકમાર્કેટમાં પગ મુકતાની સાથે જ મોંઘેરા શાકભાજી તો ખરીદવાની સાથે ડુંગળી પણ એટલી મોંઘી છે તો હવે ખાવું જ શું તેમ શહેરની ગૃહિણીઓનું કહેવું છે. બદલાતી સિઝન સાથે ખાવા-પીવાનો મિજાજ પણ શહેરીજનોમાં બદલાતો જોવા મળતો હોય છે. આ ઋતુમાં ઓળો, ટોઠા જેવા કઠોળ ખાવાનું દરેકને મન થાય છે જેમાં ડુંગળી અને લસણની હાજરી શહેરીજનોને આ ભાવવધારાથી વર્તાઈ રહી છે. ગૃહિણીઓનું બજેટ તો ખોરવાયું જ છે સાથે સાથે શહેરના હોટલ અને રેસ્ટોરન્ટમાં પણ ડુંગળીનો અભાવ જોવા મળી રહ્યો છે. કાં તો ડુંગળી જમવા સાથે મળતી નથી કાં તો એકવાર આપ્યા પછી બીજી વાર પીરસાતી જ નથી. ભાવવધારાને કારણે હાલના દિવસોમાં ગરીબો તો ડુંગળી ખરીદી શકતા જ નથી પરંતુ શહેરીજનોના ઘર તથા રેસ્ટોરન્ટમાંથી ડુંગળી ગાયબ છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

બાલા - ૧૦.૪૫, ૭.૧૫
પાગલપંતી - ૪.૦૫
હોટલ મુંબઈ
૧.૦૦, ૫.૦૦, ૧૦.૧૫
યે સાલી આશિકી
૧૦.૦૦, ૯.૪૦
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૩.૫૫
ગુજરાત ૧૧ (ગુજરાતી)
૬.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧૧.૪૦, ૨.૨૦, ૭.૪૦, ૧૦.૨૦
કમાન્ડો ૩
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

કમાન્ડો-૩
૧૧.૧૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
હોટલ મુંબઈ
૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
યે સાલી આશિકી - ૧૨.૧૫
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૫.૨૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૧.૦૦
મરજાવા - ૧.૪૫, ૧૦.૩૦
બાલા - ૨.૦૦
પાગલપંતી - ૯.૫૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
હેલ્લારો (ગુજરાતી)
૧૧.૦૫, ૪.૩૫, ૧૦.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

મરજાવા - ૩.૪૦
પાગલપંતી - ૯.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧.૨૦, ૬.૫૦, ૯.૩૦
બાલા - ૪.૦૦
કમાન્ડો-૩
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫
હોટલ મુંબઈ - ૧૦.૧૦, ૧૨.૫૫, ૬.૩૦, ૯.૧૫
યે સાલી આશિકી
૧૦.૩૫, ૯.૩૦
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૩.૪૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**

મરજાવા - ૭.૩૦
બાલા - ૪.૩૦, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૯.૩૦, ૨.૪૫
પાગલપંતી - ૨.૦૦, ૭.૦૦
ચાલ જીવી લઈએ - ૧૨.૦૦
કમાન્ડો-૩ - ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
હોટલ મુંબઈ
૧૨.૧૫, ૫.૧૫, ૯.૪૫
લવ યુ ટર્ન - ૫.૧૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૨.૪૫
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૧૦.૦૦
એક્સ-રે - ૧૨.૦૦

## આજે ગાંધીનગરમાં

● સિસિકા તથા સહયોગ મંડળ દ્વારા સવારે ૧૦ થી ૧ દરમિયાન ડીએસપી ઓફિસ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ અને નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાશે.

● સે-૧૨ સ્થિત આંબેડકર હોલમાં બપોરે ૩ થી ૬ દરમિયાન ડાયાબિટીસ તેમજ હાડકામાં કેલ્શિયમની કમીના દર્દીઓ માટે કેમ્પનું આયોજન.

# હવે, પી.સી.આર. વાન નિર્ધારીત પોઈન્ટ પર જ ઉભી રહેશે

ગાંધીનગર, તા.૨૯

સમગ્ર રાજયમાં પી.સી.આર. વાનનો ઉપયોગ મુખ્ય હેતુ માટે કરવા રાજયના પોલીસ વડા શિવાનંદ ઝાએ આદેશ કર્યો છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ડીજીપીએ સત્તાવાર રીતે રાજયભરમાં આદેશ કર્યો છે. ત્યારે ગાંધીનગર જિલ્લા એ.પી. મયુર ચાવડાએ ડીજીપીની સૂચનાની અમલવારી માટે જિલ્લા પોલીસને તાકીદ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ હવે પીસીઆર નિયત કરેલા પોઈન્ટ પર જ ઉભી રાખવી પડશે. બેઝ પોઈન્ટ અને હોલ્ટ પઈન્ટ સિવાય બીનજરુરી પીસીઆર વાન ઉભી નહી રાખવા માટે ટકોર કરાઈ છે ત્યારે તંત્ર દ્વારા હાલના સમયે પી.સી.આર. વાનનો ઉપયોગ વાહન ચેકીંગ, ટ્રાફિક નિયંત્રણ, પ્રોહી. જુગારના કેસમાં, આરોપીઓને કોર્ટમાં રજુ કરવા તેમજ વીઆઈપીના પાયલોટીંગમાં થાય છે. ત્યારે હવેથી આ પ્રકારના કામમાં પી.સી.આર. વાનનો ઉપયોગ થઈ શકશે નહીં. જયારે જરુર હશે ત્યારે કંટ્રોલરૂમના આદેશ મુજબ પેટ્રોલીંગની કામગીરી કરવાની રહેશે. જો કે મારામારી, લુંટ, ચીલ-ઝડપ, દારૂ પીને ધમાલ કરતા હોય, દારૂડિયાઓ છાકટા બન્યા હોય તેવા કિસ્સામાં આદેશની રાહ જોયા વિના પી.સી.આર. ઈન્ચાર્જે જાતે નિર્ણય લઈ કામગીરી કરવાની રહેશે. અકસ્માત કે આકસ્મિક ઘટના સમયે સ્થળ પર પહોંચીને પી.સી.આર.ના કર્મચારીઓએ ઘાયલોની મદદ માટે ૧૦૮ની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ જરુર પડે તો પી.સી.આર. વાનમાં ઘાયલોને સિવિલ સુધી પહોંચાડવાના રહેશે. જયારે લારી-ગલ્લા તેમજ રેસ્ટોરન્ટ પર કામ સિવાય પી.સી.આર. વાન ન ઉભી રાખવા પણ સૂચના અપાઈ છે. પી.સી.આર. વાનમાં હવે માત્ર બે પોલીસ જવાન નહીં હોય પરંતુ એ.એસ.આઈ. હે.કો. કોન્સ્ટેબલ સહિત લોકરક્ષકને રાખવામાં આવશે. પી.સી.આર. વાનને નિયત દિનમાં કામગીરીનો રિપોર્ટ કરવાનો રહેશે. જયારે દર બે મહિને સમગ્ર પી.સી.આર. વાનના સ્ટાફને બદલવા પણ સૂચન કરાયું છે. કંટ્રોલ રૂમ ખાતેથી પી.સી.આર. વાનનો કંટ્રોલ રહેશે. થાણા ઈન્ચાર્જ, ડીવાયએસપી અને એજન્સીઓના અધિકારીઓએ આવીને ગમે ત્યારે સરપ્રાઈઝ ચેકીંગ કરી કામગીરી કરવાની રહેશે.

## સિસિકા તથા વૈષ્ણવ સમાજ દ્વારા નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર તથા વૈષ્ણવ સમાજ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે શેઠ શ્રી સી.એમ. કોલેજ ઓફ ફીઝીયોથેરાપીના સહયોગથી ૨જી ડીસેમ્બરથી ૬ ઠ્ઠી ડીસેમ્બર સુધી પાંચ દિવસ નિઃશુલ્ક ફીઝીયોથેરાપી કેમ્પનું આયોજન સે-૨૧ સ્થિત વૈષ્ણવ હવેલી મંદિર ખાતે સવારે ૯ થી ૧ દરમિયાન રાખવામાં આવેલ છે.

આ કેમ્પમાં હાડકાના તથા સાંધાના દુઃખાવાના રોગો અંગે સારવાર તેમજ માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પમાં સિસિકાના સભ્યો તથા નગરજનોને લાભ લેવા માટે મંત્રી ભૂપેન્દ્રભાઈ ડી. શાહે જણાવેલ છે.

## ગાંધીનગરના પારૂલ પરમારે પેરા બેડમિન્ટમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ બે બ્રોન્ઝ મેડલ જીત્યા

**ટોકિયો ખાતે યોજાયેલ હ્યુલિક-ડાઈહાત્સુ જાપાન પેરાબેડમિન્ટન ઈન્ટરનેશનલ-૨૦૧૯ ટૂર્નામેન્ટમાં ડબલ્સ અને મિકસ ડબલ્સમાં ઉત્કૃષ્ટ દેખાવ**




ગાંધીનગર, તા.૨૯

ગુજરાતના અર્જુન એવોર્ડ વિજેતા પેરા બેડમિન્ટન ખેલાડી તથા ગાંધીનગરના વતની એવા પારૂલ પરમારે ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે બે બ્રોન્ઝ મેડલ્સ જીતી પાટનગર સહિત સમગ્ર રાજયનું અને દેશનું નામ રોશન કર્યું છે. તાજેતરમાં જાપાનના ટોકિયો ખાતે જયાં આગામી ઓલમ્પિક રમવાની છે તે સ્થળે યોજાયેલી હ્યુલિક-ડાઈહાત્સુ જાપાન પેરાબેડમિન્ટન ઈન્ટરનેશનલ-૨૦૧૯માં પારૂલ પરમારે ડબલ્સ અને મિકસ ડબલ્સ એમ બે કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ્સ જીત્યાં છે જેને પગલે શહેરના ખેલ જગતમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

ગાંધીનગરના ગૌરવસમા દિવ્યાંગ ખેલાડી પારૂલ પરમાર સતત આંતરરાષ્ટ્રીય સ્તરે યશસ્વી પ્રદર્શન કરી રહ્યા છે. જાપાનના ટોકિયો ખાતે તા. ૧૩ થી ૧૭ નવેમ્બર દરમિયાન યોજાયેલ 'હ્યુલિક ડાઈહાસ્તુ જાપાન પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલ-૨૦૧૯' ટુર્નામેન્ટમાં તેમણે ડબલ્સ કેટેગરીમાં તૃતીય સ્થાન અને મિકસ ડબલ્સ કેટેગરીમાં પણ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ડબલ્સ કેટેગરીમાં તેમણે પંજાબની પલક કોહલી અને મિકસ ડબલ્સમાં પણ પંજાબના જ રાજકુમાર નામના દિવ્યાંગ ખેલાડીઓ સાથે જોડી જમાવી બંને કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ્સ હાંસલ કર્યા છે. આ ટૂર્નામેન્ટ જાપાનના ટોકિયો ખાતે જયાં આગામી ઓલ્મિપક ગેમ્સ યોજાવાની છે ત્યાં યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પારૂલ પરમાર સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ખાતે દિવ્યાંગ ખેલાડીઓ માટે પેરા બેડમિન્ટન કોચ તરીકે સેવાઓ આપી રહ્યાં છે.

# રાજપૂત સમાજ વકીલ મંડળનો સ્નેહમિલન સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનરના સેકટર-૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે તાજેતરમાં રાજપૂત સમાજ વકીલ મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષપદે એચ.એચ. રાઓલ ઉપસ્થિત રહ્યા હતા જેમણે તમામ રાજપૂત વકીલોને જીવનમાં કઠોર પરિશ્રમને સ્થાન આપવા શીખ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય શંકરસિંહ ગોહિલે રાજપૂત વકીલોને રાજપૂત સમાજનું નામ રોશન થાય તે રીતે કાર્યરત થવા હાકલ કરી હતી.

રાજપૂત સમાજ વકીલ મંડળના સ્નેહ મિલનમાં ગાંધીનગર બાર કાઉન્સિલના પ્રમુખ લાલસિંહ ગોહિલ, રાજપૂત સમાજ વકીલ મંડળના પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ ઉર્ફે રાજભા તથા કલોલ બાર કાઉન્સિલના પ્રમુખ સમરસિંહ ચાવડા વગેરે અતિથિપદે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લામાં પસંદગી પામેલા નોટરી વકીલો પી.બી. ગોહિલ, લાલસિંહ ગોહિલ, બહાદુરસિંહ વાઘેલા તથા ગજેન્દ્રસિંહ રાઠોડનું તેમજ સરકારી વકીલ તરીકે પસંદગી પામેલા હિતેન્દ્રસિંહ રાઓલનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગાંધીનગર ઉપરાંત માણસા, કલોલ અને દહેગામના રાજપૂત વકીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન દિલીપસિંહ બિહોલાએ કર્યું હતું. કાર્યક્રમના સમાપને તમામે સમૂહ ભોજનનો આનંદ માણ્યો હતો.

## પૂજ્ય 'ઠક્કર બાપા'ની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અપાઈ

ગાંધીનગર, તા.૨૯

'ઠક્કર બાપા' ના હૂલામણા નામથી જાણીતા શ્રી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને આજે તા.૨૯મી નવેમ્બરના રોજ ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના હસ્તે ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓએ ઉપસ્થિત રહીને પૂજ્ય ઠક્કર બાપાની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા.

## ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૫ જાન્યુઆરીના રોજ બપોરે ૩ થી સાંજે ૭.૩૦ દરમિયાન સ્નેહમિલન તથા ઈનામ વિતરણ સમારોહ યોજાશે. આ સમારોહ જાહન્વી પાર્ટી પ્લોટ, પીડીપીયુ રોડ, રાયસણ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ઉ.દ.ક.પા. એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ બાબુલાલ નાથાલાલ પટેલ (ભાડજ), ગણપતભાઈ રણછોડભાઈ પટેલ (કોલવડા) મેયર રીટાબેન પટેલ, પૂર્વધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર પ્રવિણભાઈ સાથે શહેરના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

સંસ્થાના પ્રમુખ વિષ્ણુભાઈ એચ. પટેલ દ્વારા સમાજના દરેક બાળકોની માર્કશીટ સમયસર પહોંચાડવા તથા ભોજન સમારંભના પાસ તા.૧૫ ડિસેમ્બર સુધી પ્રતિનિધિ પાસેથી મેળવા લેવા ખાસ જણાવાયું છે.

## ભાટ પાસે ગાડીની અડફેટે ઘાયલ વડીલનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાટ બસ સ્ટેન્ડ પાસે કાર એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એકટીવા ચાલક વડીલનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું છે. ભાટ પાસે નિલકંઠ સોસાયટી વિભાગ-૧ ખાતે શ્યામસુંદર ઓઢરમલ છબલાણી (ઉ.વ. ૭૪) પત્ની સાથે રહે છે. ગુરુવારે તેઓ ચિલોડા ખાતે પોતાનું એકટીવા લઈને બેસણામાં ગયા હતા અને ત્યાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે બપોરે સવા વાગ્યાના અરસામાં ઈન્દીરા બ્રિજથી એપોલો સર્કલ આવતા માર્ગ પર એક ટવેરા ગાડી નં. જીજે ૦૧ કે.એ. ૬૦૪૯ના ચાલકે એકટીવાને અડફેટે લેતા વડીલ માર્ગ પર પટકાયા હતા. વડીલને માથાના ભાગે ઈજા પહોંચતા એપોલો ખાતે સારવાર અર્થે લઈ જવાયા હતા. જયાં વડીલનું સારવાર બાદ સાંજના સુમારે સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવને પગલે મૃતકના નાના ભાઈના દિકરા નરેશકુમાર ગોવિંદભાઈ છબલાણી (ઉ.વ. ૩૯)ની ફરિયાદને પગલે અડાલજ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર શહેરના સે-૭ ભારતમાતાના મંદિર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ડાયાબિટીસ, બીપી અને ટીબીના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. આ પ્રસંગે ટીબીના રોગ અને નિદાન અને સારવારની મહિતી પુરી પાડવામાં આવી હતી જયારે ટીબીના બે શંકાસ્પદ દર્દીઓને તપાસ અર્થે જિલ્લા ક્ષય કેન્દ્ર સિવિલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

## મગોડી બ્રીજ પાસે ગાડીની ટકકરે બાઈક ચાલક પિતા-પુત્રને ઈજા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર-દહેગામ માર્ગ પર ચિલોડાથી આગળ મગોડી બ્રીજ નજીક ગાડીની ટકકરે બાઈક ચાલક પિતા પુત્ર ઈજાગ્રસ્ત બન્યા છે. બાયડના આંબલીયારા ગામે રહેતા ગોપાલભાઈ કાલીદાસ બારોટ (ઉ.વ. ૫૫) ગાયક કલાકાર તરીકે કામ કરે છે. ગાંધીનગર સંગીત નાટક અકાદમી ખાતે ગોપાળભાઈ તેમના પુત્રને લઈને આવ્યા હતા. અકાદમી ખાતે કામ પૂર્ણ થયા બાદ બપોરે ૩ કલાકે તેઓ ઘર તરફ જવા રવાના થતા હતા ત્યારે મગોડી બ્રીજ પાસે ઈકો ગાડીના ચાલકે બાઈકને ટકકર મારી હતી. જેથી પિતા-પુત્ર માર્ગ પર પટકાયા હતા. માર્ગ પર નીચે પટકાતા શરીરે નાની-મોટી ઈજાઓ બંનેને પહોંચી હતી. બનાવને પગલે દોડી આવેલા સ્થાનિક નાગરિકોએ ગાંધીનગર સિવિલ સારવાર માટે મોકલી આપ્યા હતા. બનાવને પગલે ચિલોડા પોલીસે ગોપાળભાઈની ફરિયાદને લઈ જીજે ૧૮ બીજી-૬૯૧૨ નંબરની ઈકો કારના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

## શહેરમાં મીની મેરેથોન યોજાશે

ગાંધીનગર, તા.૨૯

રન ફોર હેલ્પ-રન ફોર ફિટનેસ થીમના ઉદ્દેશ સાથે ફિટ ઈન્ડિયાના પ્રોજેકટથી સમાજને સંદેશો પહોંચાડી શકાય તે હેતુથી મેરેથોન યોજાનાર છે. જે આસબીવીપી યુથ અને આરબી સેવા દળ દ્વારા ૨૯ ડિસેમ્બરના રોજ સવારે ૭ કલાકે મહાત્મા મંદિરથી યોજાશે.

એસબીવીપી યુથના ગુજરાત યુવા પાંખ પ્રદેશ મહામંત્રી તુષાર રાવલ તથા એસબીવીપી યુથ ગાંધીનગરના યુવા પ્રમુખ ક્રિશ્ન જાની તથા ચહલ જોષી દ્વારા નગરજનોને મેરેથોનમાં ભાગ લેવા જણાવાયું છે તથા વધુ માહિતી માટે ૮૨૦૦૦૬૪૭૬૫, ૯૯૨૪૪૮૮૮૮૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. બારોટ ભીખાભાઈ છનાભાઈ, ઉ.વ. ૫૪
● સ્વ. અનિતાબેન લક્ષ્મણરા ગાયકવાડ, ઉ.વ. ૪૫
● સ્વ. ભીલ લક્ષ્મણજી ચેલાજી, ઉ.વ. ૯૨

# ઉઝબેકિસ્તાનના મંત્રીએ સાયન્સ સીટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સાયન્સ સીટી જેવુ માળખું પોતાના દેશમાં બનાવવાના હેતુથી ઉઝબેકિસ્તાનના ઈનોવેટિવ ડેવલોપમેન્ટના મંત્રી ઈબ્રોકહિમ અબ્દુરખમાનોવે પ્રતિનિધિ મંડળની આગેવાનીમાં સાયન્સસિટીની મુલાકાત લીધી હતી. ગુજરાતનાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમની સાથે રહ્યા હતા.

ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનૉલોજી વિભાગના સેક્રેટરી હરીત શુક્લા (આઈએએસ), સાયન્સ સીટીના એડમિનિસ્ટ્રેટીવ ઓફિસર એન.માતંગકુમાર અને સાયન્સ સીટીના અન્ય અધિકારીઓએ તેમને આવકાર્યા હતા.




સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગના સેક્રેટરીએ ઉઝબેકિસ્તાનના મંત્રી સમક્ષ સાયન્સ સીટીના વર્તમાન એક્ઝિબિટ્સ અને પેવેલિયન્સ વિષે પ્રેઝન્ટેશન દ્વારા માહિતગાર કર્યા હતા. તેમણે સાયન્સ સીટીના આવનાર પ્રોજેકટ – અકવેટિક ગેલેરી, રોબિટિક ગેલેરી, અને એસ્ટ્રોફિઝીકસ ગેલેરી વિષે પણ ડેલિગેશનને માહિતી આપી હતી.

ત્યાર બાદ પ્રતિનિધિમંડળે પેવેલિયનની મુલાકાત લીધી હતી જયાં રોબોટિક ગેલેરી માટે રોબોટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ઈબ્રોકહિમ અબ્દુરખમાનોવ અને તેમની ટીમ વર્તમાન પેવેલિયન્સ અને આવનાર ગેલેરીઝ વિષે માહિતગાર થઈને પ્રભાવિત થયા હતા.



ચર્ચિત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાતી કલાર્કની પરીક્ષામાં થયેલ ગેરનીતી અંગે આજે શહેરના કર્મયોગી ભવન પાસે વિદ્યાર્થીઓ દ્વારા પૂરા રજૂ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ પરીક્ષા યોજાયા પહેલા તો વિદ્યાર્થીઓ મૂંઝવણમાં હતા પરીક્ષા લેવાયા બાદ ગેરનીતિની જાણ થતા વધુ મુંઝવણમાં મુકાયા છે.